|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ યોગીન્દ્રવંદિતાય નમ: || (૧૦૧)

શ્રેષ્ઠ યોગીજનો જેમને વંદન કરે છે તે શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પરમપૂજ્ય આસારામ બાપુ સપ્ટેમ્બર 2004 માં ભગવાન બાબાના દર્શન માટે ગયા હતા તે વખતે આસારામ બાપુ બોલ્યા-"સ્વામી સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે." આવા જ ઉદ્ગાર અનેક જ્ઞાત અને અજ્ઞાત યોગીજનોએ ભગવાન બાબા વિશે કર્યા છે.

ભગવાન બાબા કહે છે-"દેવલોકના નિવાસી પણ મારા દર્શનની પ્રતીક્ષા કરતા હોય છે."

ઉપરનું વિધાન સત્ય સાબિત કરતી આ એક ઘટના, થોડાક વર્ષો પૂર્વે સ્વામીના એક પરમભક્ત શ્રી. રાજા રેડીની સામે પ્રત્યક્ષ ઘટી હતી. તે દિવસ વૈકુંઠ એકાદશીનો (અગિયારસનો) પવિત્ર દિવસ હતો. એવું કહેવાય છે કે શ્રી મહાવિષ્ણુ, વૈકુંઠના ઉત્તર દ્વાર પાસે આ દિવસે પોતાના ભક્તોને દર્શન આપે છે. તે રાતે પ્રશાંતિનિલયમના પહેલા માળે સૂતેલા શ્રી. રાજા રેડ્ડીની આંખ અચાનક અડધી રાત્રે ખૂલી ગઈ. ત્યારે તેમના ધ્યાનમાં આવ્યું કે ભગવાન બાબાના શયનકક્ષનો દરવાજો થોડોક ખુલ્લો છે અને તેમાંથી તેજસ્વી પ્રકાશકિરણો બહાર આવે છે. ઉત્સુકતાથી તે આગળ આવ્યા અને અંદર ડોકાઈને જોતા જ તે ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે અંદર જોયું ત્યારે, બાંકડા પર વિશ્રાંતિ (આરામ ) કરી રહેલા ભગવાન બાબાના ચરણકમલને વંદન કરતા અનેક દેવ દેવતા તેમને દેખાયા. તેમજ સ્વામીની ચારે બાજુ અત્યંત તેજસ્વી એવા સાત પ્રકાશપુંજ દેખાયા અને તેમનામાંથી પ્રકાશના તેજસ્વી કિરણો બહાર પડતાં હતાં. ત્યાર બાદ તેમણે દરવાજો બંધ કર્યો અને પાછા તેમની સૂવાની જગ્યાએ જતા રહ્યા.

બીજે દિવસે તેમણે સ્વામીને આ બાબત પૂછતા સ્વામી બોલ્યા- " મારા દર્શન લેવા માટે આવેલા તે દેવદેવતા હતા અને જે સાત પ્રકાશપુંજ તેં જોયા, તેઓ સપ્તર્ષિ હતા. કેવળ મારા આશીર્વાદને લીધે જ તું તે દ્રશ્ય જોઈ શક્યો, નહીં તો તેના પર નજર પડતા જ તું બળીને ભસ્મ થયો હોત. '

કેવળ આ એક ઘટનાથી જ સ્વામીની મહાનતા સમજાય છે. સર્વ ધર્મનું પ્રતિનિધિત્વ કરનારા ઘણા મોટા લોકો તેથી જ સ્વામી માટે આદરભાવ રાખતા હોય છે. તેમની તરફ આદરયુક્ત નજરે જુએ છે.

ઈ.સ. ૧૯૬૮ ની સાલમાં નૈરોબીમાં હાજી બાબા નામના પીર રહેતા હતા. તે વખતે તેમની ઉંમર હતી ૯૨ વર્ષ. અનેક દર્દીઓને સાજા કરવા, પંચમહાભૂત ઉપર સત્તા હોય એવા અનેક ચમત્કાર તેમણે કર્યા હતા. તે બોલ્યા-" મારું કાર્યક્ષેત્ર કરાંચી, પૂર્વ આફ્રિકા, યુનાઈટેડ કિંગ્ડમ તેમજ થોડાક અન્ય રાષ્ટ્રના ભક્તો પૂરતું જ મર્યાદિત છે, પરંતુ સંપૂર્ણ વિશ્વ એ ભગવાન શ્રી સત્યસાઈબાબાનું કાર્યક્ષેત્ર છે. તેને કોઈ પ્રકારની મર્યાદા નથી. "

તે વખતે ભગવાન બાબા અવતીર્ણ થયાને ફક્ત ૪૨ વર્ષ થયા હતા. આજે આ યુગાવતારના ૮૦ મા વર્ષે, આમાંનો પ્રત્યેક શબ્દ સાચો હોવાનો અનુભવે આપણે લઈએ છીએ.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||